પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર

# જૈન જાગૃતિ સેન્ટર-બોટાદ

સેન્ટર નં.૭૪, સ્થા. તા.૦૭/૧૨/૧૯૯૮

આયોજીત

## વાર્ષિક સાધારણ સભા તથા સલાર્ડ હરિફાઇ, ગેઇમ અને ડીનર

હું કયાં કહું છું કે મારા
શબ્દોની કદર થવી જોઈએ
બસ એકવાર વાંચો તો
દિલ પર અસર થવી જોઈએ...

J. J. C. CENTRAL BOARD
INWARD NO.:- 7545
CHAIRMAN:-
SEC. GENERAL:-
SECRETARY:
DATE:- 4-7-18

જે.જે.સી.સભ્યશ્રી,........................................................................

જય જિનેન્દ્ર સમય ચક્ર સતત ગતિમાન છે. ઉનાળાની કાળજાળ ગરમી સહન કર્યા બાદ મન મુકીને મેહુલો વર્ષે તેવી આશાએ આપણે આકાશ તરફ મીટ માંડીને બેઠા છીએ ભારત ખેતી પ્રધાન દેશ હોવાથી આપણા સમસ્ત આયોજન વરસાદને આધીન રહે છે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે વરસાદની મોસમ પુર્ણ ખીલે અને આપણે સહુ માટીની સુગંધને માણીએ.

સોશ્યલ મિડીયામાં ફેલાયેલી અફવાઓથી આપણે સાવધાન રહીએ. બાળકો ઉપાડવાની અફવા અને તેના હિંસાબે નિર્દોષ માનવીના મૃત્યુ થાય છે ત્યારે જાગૃત પ્રજા બનીને આપણે સાવધાન રહીએ તે આપણા સૌનું કર્તવ્ય બને છે. સોશ્યલ મિડીયાનો આપણે સદ્‌ઉપયોગ કરીને કુરિવાજો અને અંધશ્રધ્ધાને ડામીએ એજ આપણી ફરજ બને છે.

આગામી તારીખ ૦૭-૦૭-૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે સાથે સાથે જેજેસી સભ્યો માટે સલાર્ડ હરિફાઈ તથા ગેઈમ રમવાનું આયોજન કરેલ છે.

સ્નેહી સભ્યોશ્રીઓ, બોટાદની અનેકવિધ સંસ્થાઓમાં જે.જે.સી.બોટાદનું નામ અત્યંત આદરપૂર્વક લેવાઈ રહ્યું છે તેનો સંપુર્ણ યશ છેલ્લા ૧૯ વર્ષથી આપણા સેન્ટર સાથે અવિરત જોડાયેલ રહેલા માનનીય સભ્ય પરિવારો તથા હોદેદારોના અથાગ પરિશ્રમ અને સહયોગને જાય છે, આપણું સેન્ટર માત્ર જૈન સમાજ પુરતું સમિતિ ન રહેતા સમગ્ર સમાજને આવરી લેતી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. જેમાં સેવાકીય પ્રવૃત્તિ જેવી કે મેડીકલ કેમ્પો, પાણી પરબ, મોટીવેશન સેમીનારોના આયોજન કરીએ છીએ તેનું સવિશેષ ગોરવ છે.

બોટાદનાં સમગ્ર જૈન પરિવારને એક મંચ પર લાવનાર જે.જે.સી.બોટાદને વધુ મજબુત અને કાર્યક્ષમ બનાવવાની નૈતિક જવાબદારી આપણા સહુની સહિયારી છે. તેથી આપને વિનંતી છે કે આપની કાર્યશક્તિ અને નેતૃત્વશકિત થકી જે.જે.સી.બોટાદના મંચ દ્વારા સમગ્ર જૈન સમાજ સાથે આપનો નાતો જોડી સમાજ ઉત્કર્ષના ભાગીદાર અવશ્ય બનશો તથા આપ આપના જૈન મિત્રોને પણ સભ્યો બનાવવાના પ્રયત્ન કરશો તેવી આશા રાખીએ છીએ. ગત વર્ષ દરમ્યાન આપ સહુના તરફથી મળેલ સહકાર બદલ વર્તમાન કારોબારી આપનો હાર્દિક આભાર માને છે. ગત સાલમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમાયાચના સહ..